**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના (૭૫:૨૫)ની નવીન માર્ગદર્શિકાનું રાજ્ય સરકાર દ્વારા અમલીકરણ કરવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્ર.: TDD/PMS/e-file/25/2023/0919/G**

સચિવાલય,ગાંધીનગર

**તા.: e-sign મુજબ**

**વંચાણે લીધા:**

(૧) ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૦૧/૦૭/૨૦૧૦થી અમલીકૃત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની માર્ગદર્શિકા.

(૨) ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૦૧/૦૪/૨૦૨૨થી અમલીકૃત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની માર્ગદર્શિકા.

**પ્રસ્તાવના:**

ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૧)ની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અમલીકૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (૭૫:૨૫)ની માર્ગદર્શિકા મુજબ ફ્રી અને પેઈડ બન્ને પ્રકારની બેઠકો પર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ ચૂકવવાની જોગવાઈ હતી. જો કે, વંચાણે લીધેલ ક્રમ (૨) પરની ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ આ જોગવાઈ દુર કરવામાં આવેલ છે. આથી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની અમલવારીમાં એકસૂત્રતા આવે તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરકારશ્રી દ્વારા, કાળજી પૂર્વકની વિચારણાને અંતે, રાજ્યના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની ભારત સરકાર દ્વારા પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-૨૫થી મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ બંધ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

કેન્દ્રિયકૃત પ્રવેશ સમિતિ મારફત સરકારી ક્વોટામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ બાદ જો સરકારી ક્વોટામાં કોઈ ખાલી સીટો રહેતી હોય કે આવી સીટો મેનેજમેન્ટ ક્વોટામાં ટ્રાન્સફર થાય તો મેનેજમેન્ટ ક્વોટા સહિતની આ તમામ સીટોને પણ 'મેનેજમેન્ટ ક્વોટા'ની સીટો તરીકે આ હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૫/૧૦/૨૦૨૪ અને સરકારશ્રીની તા.૧૮/૧૦/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: MANISH DHIRAJLAL SHAH
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 28-Oct-2024 (12:05 PM)

(મનીષ શાહ)

સંયુક્ત સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧, નવા સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણા),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર–૧૦, ગાંધીનગર.
- પ્રાયોજના વહિવટદારશ્રી, તમામ જિલ્લા (કમિશનરશ્રી (આ.વિ)ની કચેરી મારફત)
- મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લા (કમિશનરશ્રી (આ.વિ)ની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ
- શાખા સિલેકટ ફાઇલ–૨૦૨૪